**મે. લીંબડીના એડી. જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં.,મુઃ લીંબડી.**
**ફો.કેસ નંઃ– ૪૫૩/ ૨૦૨૨**
**આંક :– ૬**

શ્રી સરકાર. :::::::: ::::::::: ફરિયાદી.

વિરૂઘ્ઘ

નાનજીભાઈ ભગવાનભાઈ ડાભી,
રહે.ભગુપુર, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર. :::::::: :::::::::: આરોપી.

ગુન્હો :– પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી મુજબ.

**– : ઠરાવ :–**

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરુઘ્ધ પ્રોહીબીશન એકટ કલમ–૮૫(૧) મુજબના ગુના અન્વયેનું ચાર્જશીટ તપાસના અંતે રજુ થયેલ છે.

(૨) આરોપીને ધોરણસર ની સમન્સની બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ જેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવતા આરોપીએ આંક–૪ થી પોતાની સામેનો ગુનાનો આક્ષેપ કબુલ કરતા હોવા બાબતે પુરશીસ રજુ કરેલ જેથી આરોપીને ગુના બાબતે સજાકીય જોગવાઈ તથા ગુનાની કબુલાત કરવા બંધાયેલ ન હોવાનું સમજાવવામાં આવેલ હોવા છતાં આરોપી પોતાનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે અને પોતાની ગુના કબુલાત પુરશીસની હકીકતને વળગી રહે છે.

(૩) હાલના કામે આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૮૫(૧) અન્વયેનો આક્ષેપ મુકવામાં આવેલ છે, પરંતુ સદર કામે આરોપી વિરુઘ્ધ પ્રોહી. કલમ–૮૫(૧) લગતના કોઈ આવશ્યક તત્વો ફરીયાદમાં જણાતા ન હોઈ પ્રોહી ક.૬૬(૧)બી મુજબ તહોમતનામું ફરમાવેલ છે. ગુજરાત પ્રોહીબીશન એકટની જોગવાઈઓ ઘ્યાને લેતા આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાકીય જોગવાઈ ૦૩ વર્ષ સુધીની કરવામાં આવેલ છે. વધુમાં ગુજરાત પ્રોહીબીશન

એકટમાં કરવામાં આવેલ સુધારા મુજબ કલમ –૧૧૬ રદ કરવામાં આવેલ છે, જેથી ક્રિ.પ્રો.કોડના સેકન્ડ શીડયુલમાં આપવામાં આવેલ જોગવાઈ લાગુ પડે અને હાલના કામે ગુનાનો કોગ્નીજન્સ પોલસ રીપોર્ટ ઉપરથી લેવામાં આવતા આરોપી પોતાની ગુના કબુલાતને વળગી રહેતા આરોપી સામે લેખીત તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે આરોપીને વાંચી, સંભળાવતા આરોપીએ તહોમતનામાનો પ્લી ધ્વારા સ્વીકાર કરેલ છે, અને ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. જે આરોપીને ગુનાની કબુલાત અંગે તેમજ તેઓની થઈ શકતી સજા અંગે સમજાવવામાં આવેલ છે, આ કામે આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વેચ્છાએ કબુલાત કરે છે. આરોપી તેઓની સામેના ગુન્હાની કબુલાત કરી પુરશીસ રજુ કરી જણાવે છે કે, આ તેઓનો પ્રથમ ગુન્હો છે, તેમજ તેઓ ગરીબ માણસ હોય તેમજ કુટુંબ કબીલા વાળા હોઈ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એકમાત્ર ઈસમ હોય દયા રાખી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપી જયારે તેઓની સામેનો આક્ષેપ કબુલ છે. આરોપી ધ્વારા રજુ કબુલાત પુરશીસની હકીકત મુજબ આરોપી કુટુંબ કબીલા વાળા છે અને તેઓ કુટબંના એકમાત્ર કમાનાર ઈસમ છે. તથા તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાની આરોપીની સામાજીક તેમજ આર્થીક પરસ્થિતીને ધ્યાને રાખતા આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા તથા રૂા.૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા) દંડ નો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ :–**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા તથા રૂા.૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા) દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

લીબડી.
તા. ૧૨/૧૧/૨૦૨૨

( વિકાસ સિયોલ)
એડીશ્નલ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લીબડી.

**Unique Code No. GJ01357.**